મારા એક મિત્ર પૉલને તેના ભાઈએ નાતાલની ભેટ તરીકે કાર આપી. નાતાલની સંધ્યાએ પૉલ તેની ઑફિસમાંથી બહાર આવ્યો ને જોયું તો એક અજાણ્યો માણસ તેની ગાડીની આજુબાજુ ફરતો હતો. નવી સુંદર ગાડીને જોઈ તેની આંખોમાં પ્રશંસા અને આશાની ચમક આવેલી દેખાતી હતી. પૉલને જોઈ તેણે પૂછ્યું, 'આ કાર તમારી છે?'

પૉલે હા પાડી. 'મારા ભાઈએ મને આ કાર નાતાલની ભેટ તરીકે આપી છે.' એ માણસ ચકિત થઈ ગયો - 'તમારા ભાઈએ ભેટ આપી? એટલે કે તમારે એનો એક પૈસો પણ ચૂકવવો નથી પડ્યો? હે ઈશ્વર, હું ઈચ્છું છું કે....' તે અટકી ગયો.

પૉલ સમજી ગયો તેને શું કહેવું હતું. તેને કદાચ કહેવું હતું કે પોતાને પણ આવો ભાઈ હોય, પણ તેણે આગળ જે કહ્યું તેણે પૉલના અંતરને વલોવી નાખ્યું.

તેણે કહ્યું, 'હું ઈચ્છું છું કે હું પણ આવો ભાઈ બની શકું.' પૉલ સ્તબ્ધ બની તેની સામે જોઈ રહ્યો. પછી અચાનક પૉલે કહ્યું, 'તમને આ કારમાં એક ચક્કર મારવું ગમશે?' 'ઓહ, હા, હા. મને ખૂબ ગમશે.'

એક ચક્કર મારતામાં તો તેની આંખો ચમકી ઊઠી. તેણે કહ્યું, 'આ કાર મારા ઘર તરફ લઈ શકશો?'

પૉલે સ્મિત વેર્યું. તેને લાગ્યું કે વાત કરી તે માણસ પોતાના પાડોશીઓને બતાવવા માગતો હતો કે પોતે કેવી સુંદર નવી ગાડીમાં ફરે છે, પણ ફરી વાર પૉલની ધારણા ખોટી પડી.

એક ઘર બતાવી તેણે કહ્યું, 'પ્લીઝ, અહીં બે મિનિટ રોકો.' કાર અટકી કે તે ઊતર્યો ને ઝડપથી પગથિયાં ચડી ગયો. થોડી વારે તેણે તેનાં પાછા ફરવાના પગલાં સાંભળ્યાં. આ વખતે પગલાં ધીમી ગતિએ આવતાં હતાં. પૉલે જોયું કે તે તેના અપંગ ભાઈને ઊંચકીને આવી રહ્યો હતો. પગથિયા પર તેને બેસાડી તેણે કાર તરફ આંગળી ચીંધી. ભાઈને ઉંચકવાથી તેને હાંફ ચડી હતી.

ઊંડા શ્વાસ લેતાં તેણે તેના ભાઈને કહ્યું, 'જો દોસ્ત, મેં કહ્યું હતું તેવી જ કાર છે ને? આ છે પૉલ. તેના ભાઈએ તેને નાતાલની ભેટ તરીકે આ કાર આપી. એક દિવસ હું પણ તને આવી કાર આપીશ... અને સાથે એ બધી જ સુંદર વસ્તુઓ પણ, જે તું દુકાનોમાં સજાવેલી જુએ છે.'

પૉલ બહાર આવ્યો અને એ અપંગ છોકરાને ઊંચકી કારની આગલી સીટ પર બેસાડ્યો. ભીની આંખે મોટો ભાઈ પણ તેની બાજુમાં ગોઠવાયો અને ત્રણેએ આખી સાંજ ગામમાં રખડપટ્ટી કરી. નિર્વ્યાજ આનંદની એ ક્ષણો પૉલના મનમાં અજબ શાંતિ અને તૃપ્તિનો સંચાર કરી ગઈ. નાતાલની એ સાંજે પૉલને જિસસના શબ્દોનો અર્થ સમજાયો... 'જે આપે છે તે વધારે પામે છે.'

*(અનુવાદક - સોનલ પરીખ)*

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન લાલા

## હલો પાંજે ગામ લાલા પર્યુષણ પર્વજી આરાધના કરેલા

**સૌ લાલા ગામવાસીઓ લાલામાં વસતા રાણપરવાસીઓ અને**
**સૌ નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા સપ્રેમ આમંત્રણ**

પર્યુષણ પર્વની આરાધના માટે મુંબઈથી ટ્રેન દ્વારા તા. ૪-૯-૨૦૧૮ના ભૂજ તા. ૫-૯-૨૦૧૮ના ભૂજથી લાલા તુફાન અથવા બસ દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. લાલા મધ્યે તા. ૧૪-૯ સુધી સવાર-બપોરે-સાંજ ભોજનની વ્યવસ્થા તથા તા. ૧૫-૯ના સવારના નવકારશી કરી ભૂજ તરફ રવાના. તા. ૫-૯ના ભૂજથી લાલા અને તા. ૧૫-૯ના લાલાથી ભૂજ જવાની વ્યવસ્થા સંઘ તરફથી છે.

પર્યુષણમાં પધારનારે પોતાની ટીકીટ કઢાવી **શ્રી તેજપાલભાઈ ધરમશીને (98700 70027)**ને લખાવવા વિનંતી જેથી આપના ઉતારાની વ્યવસ્થા થઈ શકે. પર્યુષણ દરમ્યાન સાધર્મિક ભક્તિના થોડા નામ બાકી છે જેમને પણ લાભ લેવાની ભાવના હોય તેમણે પોતાના નામ **દિલીપભાઈ દંડ (98693 24944)**ને લખાવવા નમ્ર વિનંતી.

વર્ષ દરમ્યાન દેરાસરજી તથા બીજા ખર્ચાને પહોંચી વળવા સખાદીલ દાતાઓને નમ્ર અપીલ.

| | | |
|---|---|---|
| દેવદ્રવ્ય | : **અષ્ટપ્રકારી પુજાની તિથી** | રૂા. ૨૫૦૦/- |
| સર્વ સાધારણ | : **સંઘની વિવિધ પ્રવૃત્તીઓ માટે** | રૂા. ૩૦૦૦/- |
| જીવદયા | : **કુતરાને રોટલા, કબુતર ચકલીને ચણ** | રૂા. ૨૫૦૦/- |

**ઉપરની ત્રણે સ્કીમમાં નામ વર્ષ દરમ્યાન ફ્લેક્ષ બોર્ડ ઉપર લખવામાં આવશે.**
(ફક્ત એક લાઈન ચાર શબ્દો)

**ગોલ્ડન દાતા : રૂા. ૨૫૦૦૦/-**

મારબલની તક્તીમાં સુવર્ણ અક્ષરે નામ અંકિત કરવામાં આવશે. (કાયમી) (એક લાઈન ૪ શબ્દોમાં)

**લાખેણા દાતા : રૂા. ૧૦૦૦૦૦/-**

પુરા પરિવારનું નામ ૧૦" x ૧૪"ની સાઈઝ મારબલ ઉપર સુવર્ણ અક્ષરે અંકિત કરવામાં આવશે. (કાયમી)

**ધોડીયા પારણાનું જાગરણ ૬ઠના દિવસે નક્કી કરેલ છે. છતાં પણ કાંઈ આગળ પાછળ હશે તો ટ્રસ્ટ બોર્ડ જે પણ નિર્ણય લેશે જે દરેક ને બંધનકર્તા રહેશે.**



**સૌ ગામવાસિયો, રાણપરના લાલા વાસીઓ સૌને નમ્ર વિનંતી કે ઉપરોક્ત મહાજનની યોજનામાં આપણા પરિવારનું નામ જરૂરથી લખાવો અને સુકૃતમાં ભાગીદાર બનો. ફુલ નહી તો ફુલની પાંખડી રૂપે આપની યથાશક્તિ મુજબ લાભ લેવા નમ્ર વિનંતી.**



**લી. શ્રી લાલા ચંદ્રપ્રભુ જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ લાલા**

# તારા હૈયાની જેલમાં મને એવી કોઈ સજા મળે, જમાનત માટે આવેલી દલીલો સાવ ખોટી પડે

– માવજી મહેશ્વરી



બલ્બના અજવાળામાં કાગળ પર લખેલી લીટીઓ નાગણની જેમ સરકવા લાગી.

થયું કે કંઈક લખું. એ જ્યારે આવે ત્યારે વાંચે. એને થાય કે મેં ભલે કહ્યું હોય કે હા, એકલો રહીશ પણ એમ એના વગર રહેવું સહેલું નથી. પણ અંગત વાત લખવી કેટલી અઘરી હોય છે.

શું લખવું ? કેટલું લખવું ? કેલેન્ડર પર પહેલી તારીખ ફરતે લાલ કુંડાળું કરેલું છે. પણ લાગે છે જાણે પહેલી તારીખ પછી કોઈ તારીખ જ આવી નથી. સમય થંભી ગયો છે. બધું જ થંભી ગયું છે.

રસોડાનાં વાસણ, નાની મોટી બરણીઓ અને બરણીઓમાં ભરી રાખેલી એની દુનિયા. ઘરમાં ગોઠવાયેલી એક એક ચીજ ! બધા જ કેવા ચૂપ બેઠા છે. જાણે મારી મશ્કરી કરતા હોય. બેડરૂમમાંથી તો અટ્ટહાસ્ય સંભળાય છે. બેડ કહે છે, કાં ભાઈ ! આવી ગયો ઓકાત પર ? આવી શરતો ન મારવાની હોય. નથી રહેવાતું ને ? જા, જવું હોય તો બેંગલોર પહોંચ. એ તો એયને જલ્સા કરે છે બેંગલોરની કોઈ મસ્ત હોટેલમાં. તું આટા માર હવે. કોણે કહ્યું હતું બણગાં ફૂંકવાનું ? ફોન કરું ? વિચાર આવ્યો તે સાથે જ કોઈકે કહ્યું, સાવ વેવલો છો તું તો ! એ તારી પરવા કર્યા વગર હાલી ગઈ, એને તારી જરાય યાદ નથી આવતી અને તું છો કે ફોન કરવાનું વિચારે છે. પણ તરત બધું ગારાની દીવાલની જેમ ધસી પડ્યું. એ ભલે યાદ ન કરે. હું શરત હારી જઈશ એ જ ને ? એ ભલે જીતી જતી. શરતમાં હારવાનીય એક મજા હોય છે. પણ અત્યારે ફોન કરવો ? રાતનો એક વાગે છે. એ દિવસે ફરવા ગઈ હશે તો કદાચ થાકીને સૂઈ ગઈ હશે. આમેય સૂવાની બાબતમાં કુંભકરણ જ તો છે. વાત વાતમાં હસવું અને ઘોડા વેચીને સૂઈ જવું એ તો એનો સ્વભાવ છે. દુનિયા ભલે ને આખીય ડૂબી જાય. બસ, ઘોર્યા જ કરે. વાત વાતમાં કહે, જીવ્યા કરતા જોયું ભલું. એની મોટી આંખોમાં ઢગલાબંધ સપનાં હોય તો એ જ કે બસ આખીય દુનિયામાં ફરવું છે. પણ અત્યારે એને કોણ કહે કે તારા ફરવાના ધખારામાં કોઈ એક જણની નિંદર વેરી થઈ પડી છે. અરે, નિંદર જ શા માટે ? દિવસ આખો કેમ પસાર થાય છે એ હું જાણું છું.

તે એ પોતાની મરજીથી થોડી ગઈ છે. તેં સામે ચાલીને રજા આપી છે. અંદરથી કોઈક બોલ્યું.

*નવેનવ ખંડ ગીતોની પાંદડીઓમાં સપનાંને ઉછાળતી જતી પૃથિવી ડાળેડાળ હજીયે સાદ કરે છે !*
*ગામની નદી ઘૂઘરિયાળાં ઝરણાં ઝીણાં, સપના મહીં ડોલતાં લીલાં ઝાડ હજીયે યાદ કરે છે !*

હા, મેં રજા આપી છે. મેં જ એને કહ્યું માલા, પ્લીઝ મારો વિચાર ન કર. હું અત્યારે તારી સાથે ચાલી શકું તેમ નથી. હમણા મારી કંપની મને રજા નહીં આપે. મારું વાક્ય સાંભળી તે તરત બોલી હતી. તો મારે નથી જવું. વળી, ભાવુક થઈ ગઈ હતી. તમારા વગર હું જોઉં તો શું જોઉં ? પણ હું એને ઓળખું ને. એકવાર વિચાર આવ્યો તે કરે જ, એટલે જ મેં એને આગ્રહ કર્યો કે, ના માલા તેં નક્કી કર્યું છે તો જા. મારી ચિંતા ન કર. આપણે સાથે પછી ક્યારેક ચાલશું. હું તને પ્રેમથી રજા આપું છું. મારો આગ્રહ જોઈ તેણે નવો જ પ્રશ્ન કર્યો - પછી તમારું શું થશે ? તમે પંદર દિવસ મારા વગર એકલા રહી શકશો ?

અચાનક અંદરનો પુરૂષ છાતી તાણીને બહાર આવ્યો. કેમ ન રહી શકું ? તને કોણે એવું કહ્યું કે, હું એકલો ન રહી શકું ? પંદર દિવસ તો આમ નીકળી જશે. તું ફોન કરજે, હું કરીશ. તારો અવાજ રોજ મારી સાથે હશે. એવું લાગશે જાણે તું મારી સાથે જ છો.

મેં આવું કહ્યું ત્યારે એ કંઈક વિચિત્ર રીતે જોઈ રહી હતી. પછી જરા ગંભીર બનીને બોલી, તમે ભલે કહો પણ તમે એકલા નહીં રહી શકો. મારું મન કહે છે કે પંદર તો શું, બે દિવસ પણ નહીં રહી શકો. બે દિવસમાં તો તમારા મેનેજરને પગે પડીનેય રજા માગશો અને મારી પાછળ દોડી આવશો.

એમ ? અરે હું આટલા માનથી તને રજા આપું છું ને તું તારી ચતુરાઈ છોડતી નથી.

થોડીવાર એની આંખો સ્થિર થઈ ગઈ. અવાજ ભારે થઈ ગયો. તેણે પીઠ ટટ્ટાર કરીને કહ્યું, મને ખબર છે કે તમે રજા તો દેશો જ. એટલે ચતુરાઈ કરવાનો સવાલ નથી. પણ મને સાચે તમારી ચિંતા થાય છે કે તમે એકલા નહીં રહી શકો. હું તમને બરાબર ઓળખું છું. તમારામાં હજુ બાળપણ ઠાંસી ઠાંસીને ભર્યું પડ્યું છે. સાવ નાના બાળક જેવા છો અને બીજી વાત પોતાના ધણીને એની ઘરવાળી જેટલો ઓળખે ને એટલો મા પણ ન ઓળખી શકે સમજ્યા ?

એય ! ફ્રોઈડની કાકી. તું તારું માનસશાસ્ત્ર મૂક અને જવાની તૈયારી કર. તારા વગર મારું કંઈ અટકી નહીં રહે સમજી ? તને એવું જ હોય કે હું એકલો નથી રહી શકતો તો હવે પંદર દિવસ ફોન પણ નહીં કરીએ બસ. તારા મનમાં જે વહેમ છે એ કાઢવા માટે પણ હવે તું જા. પછી આવીને કહેજે કે તારા વગર ચાલ્યું કે નહીં. એટલું જ નહીં, તારું ઘર પણ સાચવીશ બસ ! મારા વાક્યો સાંભળી મારી વાત પર વિશ્વાસ બેસતો ન હોય તેમ જોઈ રહી. પણ એય ઓછી તો નથી જ. સામે પડકાર ફેંક્યો. તો તો હવે હું જઈશ જ. અને ફોન પણ નહીં કરું. તમે પણ ન કરતા. ટિકિટ પણ હું લઈ આવીશ. હું તો હજુય કહું છું કે, હિંમત હોય તો જ હા કહેજો.

ઓકે પાક્કું. તું ટિકિટ મેળવી લે, હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તને ટિકિટ મળી જાય. ખબર નહીં તમે પત્નીઓ અમને સમજો છો શું.

બસ, જરા જેવડી મસ્તી હકીકત બની ગઈ.

માલા ચાલી ગઈ. સાઉથ જોવાનું એનું સપનું આ રીતે સાચું પડ્યું. જતાં પહેલાં મારી સાથે રસપૂર્વક બધી ચર્ચા કરી. મુંબઈ,

*માલણ'નાં નીતર્યાં નીરની ભીતર હજીય મારું શૈશવ પડ્યું ઝગમગતું હીરા જેમ!*
*અડકોદડકો, ઓળકૉળામણો, થૂઈનો થપ્પો મનમાં હજીય રમતું એમનું એમ!*

બેંગલોર, રામેશ્વર, ક્યાં ક્યાં જશે, ક્યાં રાત રોકાશે તે બધું જ મને કહ્યું. તેને રેલવે સ્ટેશન મૂકવા ગયો ત્યારે પણ તેણે કહેવું એય, તમે કહેતા હો તો હજુય કેન્સલ કરું. આપણે સાથે ચાલશું. ટિકિટના પૈસા ભલે જતા. ચાલો હમણાં જ તમારી સાથે પાછી ચાલું. ચાલું ?

ના. જરાય નહીં. હવે તો શો મસ્ટ ગો ઑન! અને ટ્રેન ચાલી ગઈ. ટ્રેનના છેલ્લા ડબ્બા પાછળ ચિતરેલી ચોકડીને જોઈ રહ્યો. જનારા જતા રહ્યા. એમને વળાવવા આવનારાય જતા રહ્યા. સુનકાર છવાઈ ગયો. પ્લેટફોર્મ ત્યાં જ પડ્યું રહ્યું.

માલા નથી? ઘરે આવ્યો ને જાણે એક વસ્તુએ પ્રશ્ન કર્યો. બેડ પર પડ્યા પડ્યા છતને તાક્યા કર્યું, મધરાત વિતી ગઈ. ઊંઘ જાણે એ ટ્રેનની સાથે ચાલી ગઈ હતી. એકાએક વિચારોએ હુમલો કર્યો. મૂરખ માણસ છો તું. તને કંઈ ભાન પડે છે? ઘરમાં તને પાણીનો ગ્લાસ ક્યાં પડ્યો છે એનીય ખબર નથી. માલા વગર તું શ્વાસેય લઈ શકતો નથી ને મોટા ઉપાડે તેં એકલતા લીધી? એ બિચારી છેક સુધી કહેતી રહી પણ તને એની આંખોમાં ઊમટતો વહાલનો દરિયો દેખાયો જ નહીં! સવળું વિચારવાનો પ્રયત્ન કરી જોયો કે ચાલો, એ બહાને ઘરનું કામ શીખવા મળશે. માલા વગર જીવવાની પણ એક મજા છે એ મજા લઉં. પણ સાત દિવસમાં તો હૈયું નીચોવાઈ ગયું. પોતાના સામે જ હારી જવાયું. રોજ જાણે એક ટ્રેન છાતી પરથી પસાર થવા લાગી. રાતે ચાર ચાર દીવાલો એટલી નજીક આવી જતી કે શ્વાસ પણ માંડ લઈ શકાતો. માલાને ગયે સાત દિવસ પસાર થયા અને હૈયામાં હાહાકાર મચી ગયો. સાત દિવસ સાત વર્ષ જેવડા થઈ ગયા. એમ થયું કે હાર સ્વીકારી લઉં. માલા ભલે જીતી જતી. ઊલટાનું એ વધુ વહાલ કરશે. એ કદી પોતે જીત્યાની વાત નહીં કાઢે. આજે તો કહી જ દઉં. માલા હું હાર્યો, તું જીતી. બસ, મારી જીદ મારી ભૂલ હતી. તું જલ્દી પાછી આવી જા. ભલે એની ઊંઘ બગડતી.

પણ આ શું ? માલાનો ફોન ? અત્યારે દોઢ વાગે ? કંઈ અજુગતું તો નહીં બન્યું હોય ને ? હાશ! ચાલો ભલે તેણે કર્યો પણ હું મારી હાર કબૂલી જ લઉં. હા માલા, બોલ. કેમ અત્યારે ફોન કર્યો ? બધું બરાબર તો છે ને ?

એય પાગલ, કશું જ બરાબર નથી. બાયડીને બહાર મોકલીને નિરાતેં સૂતા છો ને ? આખરે તમે પુરુષ જાત. નમીને તો ન જ દ્યો. મેં તમને કહ્યું હતું ને કે, તમે મારા વગર નહીં રહી શકો. પણ હું ખોટી પડી હું મારી હાર સ્વીકારું છું. આજે સાત દિવસ થયા તમારો ફોન ન આવ્યો એટલે માન્યું કે મારા વગર એકલા રહી શકો છો. પણ હું તમારા વગર કેમ રહી શકું ? કહેવાની વાતો જુદી હોય. હું પાછી આવી ગઈ છું. હવે જલદી રેલવે સ્ટેશને આવો.

વ્હૉટ ? માલા, તું પાછી વળી આવી ? અરે યાર થોડી તો રાહ જોવી હતી. તેં મને હારવા પણ ન દીધો. તું હારી નથી માલા. બે મિનિટ વહેલો ફોન કરીને તું જીતી ગઈ માલા.

અને કેલેન્ડર પરથી એકસાથે બાકીના દિવસો ખરી પડ્યા.

***

*છો હીરાનો હાર પ્હેરી ઝગમગતી મુંબઈ, કંઠ ભલેને બાથભીડીને હોય ઊભી તોય, યાદ કરે છે!*
*અતીતના કો'ક બારણા પાછળ આગળ આગળ, ક્યાંક રૂપાની ઝાંઝરી જેવો નાદ હજીયે સાદ કરે છે!*

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ, વડોદરા

અત્રે શ્રી ભલારાદાદાના ભાવિકો તરફથી શ્રી ભલારાદાદાના ૨૭મા સમૂહ પાઠનું આયોજન ૧૯-૩-૨૦૧૮ના શ્રી કે.ડી.ઓ. ભવનમાં રાખવામાં આવેલ તેમજ શ્રી ભલારાદાદાની ભક્તિ ભાવના સમુહ પાઠ પહેલાં રાખવામાં આવેલ.

ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળીની સમૂહ આરાધના ૨૩-૩-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૮ સુધી થયેલ. ચૈત્ર માસની ઓળીની આરાધનાનો લાભ સ્વ. જેચંદ દામજી લોડાયા (કચ્છ-જખૌ) વડોદરા પરિવારે લીધેલ.

૨૯-૩-૨૦૧૮ના શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા તરફથી શ્રી કે.ડી.ઓ. જૈન મહિલા મંડળે ભણાવેલ.

૩૧-૩-૨૦૧૮ના સવારના પાવન તીર્થધિરાજ શ્રી શેત્રુંજય પટ્ટના દર્શન તથા ખમાસમણાનો કાર્યક્રમ શ્રી કે.ડી.ઓ. ભવનમાં રાખવામાં આવેલ.

૧-૪-૨૦૧૮ના સવારના શ્રી નવપદજીની પૂજા સ્વ. જેચંદ દામજી લોડાયા પરિવાર તથા માતુશ્રી નિર્મળાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી રાખવામાં આવેલ છે. પૂજા શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળે ભણાવેલ.

શ્રી મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે વડોદરામાં સમસ્ત જૈન સંઘ - વડોદરા આયોજીત રેલીમાં ૪૮ સંઘોએ વિવિધ ઝાંખીઓ સાથે ઉમળકા ભેર ભાગ લીધો. કેડીઓ યુવા મંચ દ્વારા જીવદયા વિષય પર રથ તૈયાર કરી જૈનેતર વડોદરા વાસીઓને ૫૦૦૦ જુવારના પેકેટની વહેચણી કરી જીવદયાની પ્રેરણા આપી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન સમસ્ત જૈન સંઘ વડોદરા યુવા પાંખના પ્રમુખ શ્રી ભાવેશ ખીરેન્દ્ર લોડાયાએ કર્યું.

### પારોલા તીર્થ

પારોલા તીર્થમાં ચાલતી સ્કીમો ના વ્યાજ માંથી જરૂરતમંદ જ્ઞાતીજનોને આપેલ સહાય. ૮,૦૦૦/- રતીલાલ ઘેલાભાઈ કારાણી દોડાઈચા આર્થીક સહાય, ૩૨,૦૦૦/- પદમશી મુલજી લાલકા ચોપડા વૈદ્યકીય સહાય, ૧૦,૦૦૦/- માતુશ્રી હીરબાઈ નેણશી નરશી લાલકા, બારશી.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાલી માતાજીની ભાવના ૨૨-૪-૨૦૧૮ના રાતના ૯ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ માતુશ્રી દેવકાબાઈ ખીમજી ચત્રભોજ ગાલા પરિવારે ગામ તેરાવાળાએ લીધેલ છે. ત્યારબાદની ભાવના ૨૭-૫-૨૦૧૮ના છે. જેનો લાભ શ્રીમતી રાજેશ્રી પરેશ દંડ પરિવાર -સુથરી વાળાએ લીધેલ છે.

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગાવ - શેગાંવ

સૌ. કુંજન લોડાયાની અધ્યક્ષતામાં એપ્રીલ મહીનાની મીટીંગ નવકાર દ્વારા શરૂ કરવામાં આવી. ઉપપ્રમુખ સૌ. પુષ્પાબેન મોમાયાએ મહીનાના બર્થ-ડે અને એનીવર્સરીની શુભેચ્છાઓ આપી. માર્ચ મહીનાના પ્રોજેક્ટનાં ખર્ચનો અહેવાલ પણ વાંચવામાં આવ્યો. ત્યારબાદ સૌ. સીમા લોડાયા દ્વારા ગરમીની મૌસમમાં ઠંડક પહોંચાડનાર વરીયાળીનું શરબત કેમ બનાવવું તે ટીપ્સ સાથે સમજાવ્યું બધાએ શરબતનો સ્વાદ માણ્યો. સૌ. હેતલ લોડાયા દ્વારા ગેમ રમાડવામાં આવી જેમાં વિજેતા રહ્યા. સૌ. મંજુલાબેન મૈશેરી અને સીમા લોડાયા.

ચૈત્ર માસમાં નવપદ ઓળી કરનાર સભ્યોની શાતા પૂછીને ''નવપદ કેવા મજાના'' એના ઉપર પ્રશ્નોત્તરી સેક્રેટરી સૌ. હેતલ નાગડા દ્વારા કરવામાં આવી. દર મીટીંગમાં જીવદયાનો ડબ્બો પણ ફેરવવામાં આવે છે. છેલ્લે આભાર પ્રદર્શન સૌ. તેજલ મોતાએ કર્યું.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



**ઈન્ટીરીયરના કામકાજ**

ફ્લૅટ ઑફિસ, ઈન્ડસ્ટ્રીઝના ઈન્ટીરીયર વર્ક, કિચન પ્લૅટ ફોર્મ, પ્લમ્બિંગ, સ્લાઈડિંગ વિન્ડો, પેન્ટિંગ, ટાઈલિંગ વગેરે.

**સર્વ પ્રકારના સીવીલ કામ માટે**

સંપર્ક : નીલેશ ખોના

93222 89690 / 87798 69387

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ**

નવ નિયુક્ત પદાધિકારીઓ પ્રમુખ શ્રી લહેરચંદ આણંદજી ખોના, ઉપપ્રમુખ શ્રી નિરંજન નરશી લોડાયા, માનદમંત્રી શ્રી મહેશ ખીમજી લાલકા, સહમંત્રી શ્રી રાજેશ મુલજી મૈશેરી, ખજાનચી શ્રી અનિલ સોમચંદ નાગડા, તેમજ કારોબારી સભ્યો શ્રી કાંતિલાલ હંસરાજ મોતા, જયેશ કુલીનકાન્ત લોડાયા અને કોપ્ટ સભ્ય શ્રી ગીતેન જેઠાભાઈ ધરમશી અને શ્રી જેસલ ચંદ્રકાન્ત દંડ.

**શ્રી ઘણી બાવાની પહેડી, જલગામ**

૧-૪-૨૦૧૮ના જલગામ ખાતે શ્રી ઘણી બાવાની સામુહિક પાઠ પહેડી શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ના ઉપક્રમે શ્રી રાજેન્દ્ર પોલડીયા, કલ્પેશ છેડા, વસંત શાહ, હેમંત શાહ, અશોક પોલડીયા, સંજય સોની, શ્રેયશ મૈશરી મૈશેરી વગેરેની તથા બહોળા ભક્તોની હાજરીમાં પાઠ પહેડી પ્રસંગ પાર પડ્યો શ્રી ઘણી બાવાના ભક્ત શ્રી સોમચંદ ભાઈ લોડાયા, રાપર ડોંબિવલીએ હાજર રહી ઉચિત માર્ગદર્શન આપ્યું. આ પાઠ પહેડીના દાતા પરિવાર સૌ ટિના રાજેન્દ્ર પોલડિયા બાયઠ જલગામ. શ્રીમતી મંજુલાબેન ઓસવાલ નિર્મલા શાહ, લતીકા મૈશેરી, રિના મૈશેરી, પુષ્પા પોલડીયાએ સુંદર પરિશ્રમ કરી પહેડીને પાર પાડેલ. દાતા પરિવારનું શાલ શ્રીફળ દ્વારા સન્માન કરવામાં આવેલ.

**'આગમના અજવાળા'**

આગમ આધારીત 'આગમના અજવાળા' સ્પર્ધાનું પરિણામ, સાચા જવાબ તથા સ્પર્ધકોના બહુમાનનો કાર્યક્રમ ૨૪-૪-૨૦૧૮ સવારના ૯.૩૦ કલાકે શ્રી અનંતનાથ કોમ્પ્લેક્ષમાં (કાંજુરમાર્ગ) રાખવામાં આવેલ છે. સહુ સ્પર્ધકોને પધારવા અને પોતાનું બહુમાન સ્વીકારવા હાર્દિક આમંત્રણ છે. પ્રથમ ક્રમાંક સૌ. નિતલબેન દિપેશ મામણીયા (મુલુંડ), દ્વિતીય ક્રમાંક સૌ. મૃદુલાબેન ડિનેશ દંડ (કોઠારા - મુલુંડ), તૃતિય ક્રમાંક સૌ. ગીતા કીરીટ લોડાયા (ડોંબિવલી). બહુમાનના લાભાર્થી માતુશ્રી પુષ્પાબાઈ દામજી આણંદજી લોડાયા પરિવાર હસ્તે મનોજ લોડાયા (બાંઢીયા - ભાંડુપ).

**કે.ડી.ઓ. ક્લાસીક કમિટી ૨૦૧૮-૨૦**

પ્રમુખ - સરસ્વતી જયંત લાપસીયા, ઉપપ્રમુખ - મીના શાંતિલાલ શાહ, માનદ્ મંત્રી - કપીલ લહેરી લોડાયા, સહ માનદ્મંત્રી - ચંદ્રીકા ચેતન લોડાયા, ખજાનચી - જયશ્રી નવીન જૈન, કમિટી મેમ્બરો - નિલંજના સુશીલ શાહ, દિપા હિરેન નાગડા, કેતકી તેજસ લાલકા, જયરાજ ડી. કલ્યાણી, પીનાકીન જે. છેડા, ચેતન જી. શાહ

**વિસામો ગ્રુપ પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ - મુલુંડ**

વિસામો ગ્રુપ પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ મુલુંડ દ્વારા ૧૩-૫-૨૦૧૮ના સવારે ૧૦થી ૧ કલાકે મુલુંડના દરેક જ્ઞાતિના લોકો રાહતદરે નોટબુક વિતરણ વહેલો તે પહેલોના ધોરણે થશે. ૨૦૧૮નું રિઝલ્ટ સાથે લાવવું. એસ.એસ.સી. વાળાએ હૉલ ટિકિટ (ઓરિઝનલ) સાથે લાવવી જરૂરી રહેશે.

**કાર્યાલય :** એલડી માસ્ટર, શૉપ નં. ૩, ઓમ સાઇનાથ સુરેન્દ્ર નિવાસ, આર.એચ.બી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : 3292 4082

**ક્ષતિસુધાર**

**પાસ થયા અભિનંદન**



CA **દેવાંશી હિરેન દંડ** (સુથરી - પરેલ)
ગતાંકમાં પાના નં. ૧૬ પર
CA દેવાંશી હિરેન દંડના દાદાજીનું
નામ '**પ્રતાપસિંહ**' છે.


**પેન કાર્ડ - આધાર કાર્ડ**

જેમની પાસે પેન કાર્ડ/આધાર કાર્ડ ન હોય અથવા ખોવાઈ ગયા હોય.

નામ/જન્મ તારીખ/સરનામામાં સુધારો કરવો હોય તો સંપર્ક કરો.

**મુલચંદ લોડાયા - 9892110452**
૩૦૧, વિનાયક અપાર્ટમેન્ટ, કિસન નગર-૩,
શિવ ટેકરી, થાણા (વેસ્ટ), થાણા - ૪૦૦ ૬૦૪.
**(ગેઝેટ બનાવીને મળશે)**

**"Nokari Khali Che"**

**"URGENT JOIN OPENING FOR**
**H R Recruiter.**

Candidate with Recruitment Experience in IT is preferred.

Salary : Best in Industry.
Job Location : Matunga.

Send your resume on :
**careers@hnrtech.com**

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મયૂર નારણજી ખોના**<br>(PS 263) | ફ્લેટ નં. ૧૨, બીજે માળે, ફૉરવર્ડ હાઉસ નં. ૧, પ્લૉટ નં. ૩૨૫,<br>રોડ નં. ૩૩એ, ઑક્ઝીલીયમ સ્કુલ લેન, વડાલા, મુંબઈ - ૪૦૦ ૦૩૭.<br>મો.: મયૂર ૦૯૧૩૭૮ ૩૭૨૫૫, રીટા ૦૯૧૩૭૮ ૩૭૧૯૮ |
| **શ્રીમતી મીરા હંસરાજ શાહ (મોતા)**<br>(PS 4095) | ૨૦૧, ન્યૂ સેજલ કો.હા.સો., સરોજિની નાયડુ રોડ, અમૃત ટાવરની સામે,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૦૯૩૨૫૫ ૪૭૫૭૬ |
| **રમેશ ચાંપશી લૂઢિયા**<br>(PS 1707) | ૩૦૬, સેડાર, ૩જે માળે, રૂનવાલ ટાવર્સ, મુલુંડ-ગોરેગામ લિન્ક રોડ, નાહુર,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **અમિત અનિલ નાગડા**<br>(PS 7342) | ૪, વિમલ કો.હા.સો., બી.પી.એસ. ક્રોસ રોડ નં. ૪, ઑફ દેવીદયાલ રોડ,<br>દેવીદયાલ ગાર્ડન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.<br>મો.: ૦૯૫૯૪૩ ૩૩૯૦૦, ૦૯૮૬૭૯ ૩૫૫૨૫ |
| **શ્રીમતી ખમાવંતી કુંવરજી મુનવર**<br>(PS 1494) | ૫૦૪, વાસ્તુ લાભ કો.હા.સો., જીજામાતા રોડ, સુનીતા હોસ્પીટલ પાસે,<br>અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૩. મો.: ૦૭૮૨૮૫ ૦૩૦૫૧ |
| **જવાહરલાલ શિવજી મોમાયા**<br>(PS 5745) મો. ૦૯૪૮૧૫ ૪૮૫૪૮ | એસ-૩, બીજે માળે, જય તુલજા ભવાની એપાર્ટમેન્ટ, પ્રશાંત નગર,<br>રાયચૂર - ૫૮૪ ૧૦૧. મો.: તુષાર ૦૯૯૧૬૩ ૧૬૦૯૭, ૦૯૪૪૮૧ ૮૩૬૨૪, |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૨૩-૧૧-૧૭ | મુલુંડ | જીયાની, શ્વેતા ફેનીલ મૈશેરી | કુવાપધર | પુત્રી |
| ૨૯-૦૩-૧૮ | મુલુંડ | મીર, કિંજલ મેહુલ મણીકાંત નાગડા | તેરા | પુત્ર |
| ૦૪-૦૪-૧૮ | ડોમ્બીવલી | નીલ, હર્ષદા દર્શન ચંપક મુનવર (જીવાણી) | જખૌ | જોડિયા { પુત્ર |
| ૦૪-૦૪-૧૮ | ડોમ્બીવલી | નયશા, હર્ષદા દર્શન ચંપક મુનવર (જીવાણી) | જખૌ | પુત્રી |
| | | **સગપણ** | | |
| ૦૭-૦૪-૧૮ | ધમતરી | તેજસ દિપક ઉમરશી શિયાળ | જખૌ | ૩૨ |
| | પુસદ | વૃશાલી બંકીમચંદ્ર વેલજી ધરમશી | સુથરી | ૨૭ |
| | | **આંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૦૯-૦૨-૧૮ | ભોપાલ | અશ્વિન શિવકુમાર સિંહ જાદોન | ભોપાલ | ૨૬ |
| | ભોપાલ | અનુષા મહેન્દ્ર વાલજી મોતા | વાંકું | ૨૬ |
| ૧૮-૦૩-૧૮ | ઈન્દોર | કપિલ તિલકચંદ દામજીભાઈ દંડ | તેરા | ૩૦ |
| | ઈન્દોર | પૂજા પ્રફુલકુમાર દામજીભાઈ ચૌહાણ | ઈન્દોર | ૨૫ |
| | | **સગપણ છુટા થયા** | | |
| ૧૦-૦૪-૧૮ | ઈગતપુરી | કર્ણ દિનેશ મણીલાલ પોલડીયા | ગોએરસમા | ૨૫ |
| | અહમદાવાદ | હીના સુરેશ રતનશી સાંયા | સુજાપર | ૨૦ |
| | | **લગ્ન** | | |
| ૦૫-૦૩-૧૮ | અહમદાબાદ | ઋષભ ગીરીશ લક્ષ્મીચંદ દંડ | લાલા | ૨૬ |
| | જલગામ | કૃપા છત્રસેન લક્ષ્મીકાંત લાપસીયા | સુથરી | ૨૨ |
| | | **મરણ** | | |
| ૦૮-૦૪-૧૮ | ડોમ્બીવલી | મણીલાલ કેશવજી જેઠાભાઈ મોતા | તેરા | ૬૮ |
| ૦૯-૦૪-૧૮ | સૂરત | ધનબાઈ ઉમરશી રામૈયા ધરમશી | સુથરી | ૮૯ |
| ૧૧-૦૪-૧૮ | ભાંડુપ | ગં. લીલબાઈ વાલજી માવજી લોડાયા | કોઠારા | - |
| ૧૧-૦૪-૧૮ | ભાંડુપ | દેવયાની જયેશ મણીલાલ લખમશી | કોઠારા | ૫૭ |
| ૧૨-૦૪-૧૮ | નાગપુર | આશાબેન સત્યેન્દ્ર મુલજી લોડાયા | કોઠારા | ૬૫ |

### ધર્મસંદેશ - ૧૨૦ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) કમઠ (૨) સુલસા (૪) અઠ્ઠમ (૭) નાગકેતુ (૮) અષ્ટ
(૯) ચોરી (૧૦) નેમ (૧૧) વદ (૧૨) વાસુપૂજ્ય સ્વામી
(૧૪) સો (૧૬) બે (૧૭) રાજીમતિ (૨૦) પંચ (૨૧) આભા
(૨૪) મંડાર (૨૬) ધાંધલ (૨૭) મીથિલા (૨૮) ક્ષય (૨૯) કેસર

ઊભી ચાવીઓ -
(૧) કઠોળ (૩) સાત (૪) અરિષ્ટનેમી (૫) મયણા
(૬) રાગ (૭) નારી (૯) ચૌદ (૧૧) વસંતપંચમી
(૧૩) સૂર્ય (૧૫) હાથી (૧૮) મક્ષી (૧૯) જેસલમેર
(૨૨) ભામંડળ (૨૩) કોલાબા (૨૫) રક્ષણ

# સફર જીનલની

## (જીનલ કેવલ ગૌતમ મોમાયા, સાંયરા-જામનગર, ચેતના કેતન લોડાયાના સુપુત્રી)



જીનલ મોમાયા, ગુજરાતના ''લાઇવહૂડ એજ્યુકેશનલ પ્રોગ્રામ''માં સીનીયર એક્ઝીક્યુટીવ તરીકે કામ કરે છે. ' I LEAD' પ્રોજેક્ટના એક વરિષ્ઠ કાર્યકર છે. અને 'iCREATIONS INITIATIVE' માં કાર્યરત મેમ્બર છે.

દુનિયા ને નવી નજરથી જોવાથી જિંદગી તમને ઘણીવાર હેરત અંદાજ આશ્ચર્ય આપી જાય છે. આવા જ થોડા બનાવોએ જીનલને જીવનમાં પરિવારીક કરતા કંઇક જુદો જ માર્ગ પસંદ કરવા પ્રેર્યા.

Clothing & Apparel - Science માંવિશેષતા સાથે સ્નાતક થયા પછી એવા લોકોની સેવા કરવાના દૃઢ સંકલ્પ સાથે જીનલ જણાવે છે કે મેં ઘણા લોકોને જોયા જેમનામાં જીવનમાં આગળ આવવા ઘણી લાયકાત છે પણ માર્ગદર્શનનો અભાવ છે. મને લાગ્યું કે આપણા જેવા શિક્ષિત લોકોની જવાબદારી છે કે તે લોકોને મદદ કરે.

ગુજરાતમાં ૨૦૦૮માં ખાનદાની વેપાર સંભાળવાનો અનુભવ અને પ્રોફેશનલ કુશળતાની ડીગ્રી સાથે જીનલ I-LEAD સેન્ટરમાં ઊંચા હોદા પર કાર્યરત થઇ. ત્યાર પછી તેમણે પાછા વળીને જોયું નથી.

થોડા સમયમાંજ સંચાલન અને વ્યવસ્થાની ચતુરાઈથી તે ઉચ્ચ વ્યવસ્થાપકની પદવીપર આવી ગઇ તેણે વ્યવસ્થામાં ઘણા ફેરફારો કર્યા જેનાથી બહુ સારા પરિણામો આવ્યા.

તેણે સામાજીક સેવા અને સંસ્થાને અલગ જ નજરીયાથી દોર્યા અને તે કામ કરી ગયું. તેના સાહસિક જીવન વિશે જીનલ કહે છે, સંસ્થા માં 'AIDE ET ACTION' માં સાહસ માટે સારૂં મેદાન મળી ગયું. જુદા જુદા સ્થળોના કાર્યકતાઓ સાથે વિચારો અને જ્ઞાનની આપલે કરવામાં ઘણી મદદ થઈ ભારતભરમાં કાર્યકરો સાથે મળી અને અનેક વાર (તાલીમ) ટ્રેનીંગ - પ્રોગ્રામો કર્યા - જે બહુ સારો અનુભવ થયો.

ભેગા થઇને વિચારોની આપલે કરવાના કાર્યક્રમના



પરિણામ રૂપે એક સામાજીક સંસ્થાએ આકાર લીધો. CREATIONS સંસ્થા જે આદિવાસી - જનજાતી અને પ્રાદેશીક કલા અને કલાકૃતિ ને ઉત્તેજન આપે છે.

CREATION ગ્રુપના સર્જનને સાકાર કરવાના પાયામાં જીનલ પણ વિશેષ કાર્યકર્તા હતી. I LEAD એ ખરેખર સર્જન છે એટલે મેં બધુ અલગ રીતે જોયું અને વિચાર્યું કે આ ઉપરાંત આ લોકોને બધીજ રીતે કેમ મદદરૂપ થઇ શકાય.

મારા રોજના રૂટિન કામ ઉપરાંત આ જનજાતિના લોકોને મારી ટીમ અને સ્ટુડન્ટસ સાથે મળીને શક્યત બધી રીતે મદદ કરવા અમે આ જનજાતીના અનેક કાર્યક્રમ યોજ્યા.

તોજતરમાં એક કાર્યક્રમ યોજાયો જેમાં સ્ત્રીઓ માટે સેનેટરી હાઇજીન (અંગત સ્વચ્છતા) માટે સમજાવી ઉપરાંત એમને નિશુલ્ક સેનેટરી પેડ વહેંચ્યા.

AID ET ACTION સંસ્થા સાથે કામ કરવામાં જીનલ પોતાને સદ્ભાગી માને છે. મારા બાળપણમાં મેં સાંભળ્યું હતું કે, જેમાં તમને શ્રધ્ધા હોય તે વિશ્વમાં તમને મળી જ રહે છે. સાચે એમજ થયું. મારે કોમની સેવા કરવી હતી ને તે સાર્થક થયું. મને ખુશી છે કે છેલ્લા દશ વર્ષમાં હજારો યુવાન ટ્રેઇન થયા અને ઠરીઠામ થઈ ગયા છે.

હજી પણ માનવામાં નથી આવતું કે તાલિમ અને શિક્ષણથી દુનિયને બદલી નાખતા આવા ભગીરથ અભિયાનનો હું પણ એક ભાગ છું. જીનલ આનો બધો જ યશ AID ET ACTION ને આપે છે.

**પ્રકાશ સમીક્ષાના અભિનંદન...**



# સપના મૈશેરીની શૈક્ષણિક ક્ષેત્રે સફળ યાત્રા

**સપના હિમય મૈશેરી** (નાની સિંધોડી-ઘાટકોપર)

યુરોકીડ્સ પ્રી સ્કુલની બે ફ્રેન્ચાઇસીસ ધરાવે છે. ૭ વર્ષથી યુરોકીડ્સ સાથે સંકળાયેલા છે. તેમની ડેક્કન કોર્નીકલમાં પ્રકાશિત મુલાકાતની પ્રશ્નોત્તરી 'પ્રકાશ સમીક્ષા'માં અન્ય પાના ઉપર અંગ્રેજીમાં પ્રકાશિત છે.

**પ્રકાશ સમીક્ષાના અભિનંદન...**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (16-04-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રીમતી ભારતીબેન હંસ ખીમજી વર્કીંગ વુમન હોસ્ટેલ



આઠ વર્ષ અગાઉ સ્વ. શ્રીમતી ભારતીબેન હંસ ખીમજી, સ્વ. શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા અને શ્રીમતી લીલાબેન મધુકર લોડાયાના મનમાં વિચાર સ્ફુર્યા કે, કે.ડી.ઓ. જ્ઞાતિની દિકરીઓ બહારગામથી મુંબઈ આવીને કામ કરે છે. તેમને રહેવા માટે જગ્યા મેળવા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ બહેનોને થોડીક ફી લઇને રહેવા માટેની સુવિધા શા માટે ઊભી ન કરવી ? આ અંગે વિચાર વિમર્શ પછી વર્કીંગ વુમન હોસ્ટેલની રચના માટે કામગીરી હાથ ધરાઇ.

શ્રી હંસ ભવાનજી ખીમજીએ રૂા. ૧૧ લાખનું અનુદાન આપ્યું છે અને હોસ્ટેલનું નામાભિધાન શ્રીમતી ભારતીબેન હંસ ખીમજી વર્કીંગ વુમન હોસ્ટેલ કરવામાં આવ્યું છે.

અનંતભુવનમાં ૩જા અને ૪થા માળે આવેલી આ હોસ્ટેલમાં હાલમાં ૧૨ બહેનો એકજ પરિવારના સભ્યોની જેમ સાથે રહે છે. જમવાનું બનાવે છે એને પરસ્પર સહયોગ સાધીને મિત્રતાનો આનંદ પણ માણે છે. આ બધી બહેનો મોટી કંપનીઓમાં ઉચ્ચ હોદા ઉપર કાર્યરત છે અથવા પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરે છે. એમાંથી એક દિકરી એડવોકેટ, એક દિકરી ફોરેક્સ એન્ડ ટ્રેડ ફાઇનાન્સ એક્સ્યુટીવ તરીકે પ્રાઈવેટ કંપનીમાં, એક દિકરી આઈસીઆઇસીઆઇ બેંકમાં જુનીયર એક્સ્યુટીવ, એક દિકરી કંપની સેક્રેટરી તરીકે રીપ્બલીક ટીવીમાં, એક દિકરી એચ.ડી. ફાયર પ્રોજેક્ટમાં લોજીસ્ટીક એક્સ્યુટીવ, એક દિકરી ગોદરેજ એન્ડ બોઇઝમાં એડમિન એસોસિએટ, એક દિકરી ગ્રાંડ થોર્નટન એન્ડ સન્સમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે કાર્યરત છે. આવા વિવિધ પદો ઉપર કામ કરી રહેલી આપણા સમાજની બહેનો જ્ઞાતિની શિક્ષિત યુવા પેઢીની સફળ પ્રતિનિધીઓ છે. જેમના માટે આપણે ગૌરવ અનુભવી શકીએ એવી આ નારી શક્તિને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રીમતી ભારતીબેન હંસ ખીમજી વર્કિંગ વુમન હોસ્ટેલમાં કે.ડી.ઓ. દિકરીઓને તથા કોઈ વિશેષ કિસ્સામાં અન્ય મહિલાને પ્રવેશ આપવામાં આવે છે. આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે શ્રી રાજેશ રાયચંદ છેડા, શ્રીમતી રૂપલ રવિ ધરમશી, શ્રીમતી હેમા ગુલાબ છેડા અને શ્રીમતી અલ્પા કલ્પેશ ધરમશી સેવા આપી રહ્યા છે. શ્રીમતી નુતન નવિનચંદ્ર લાલકા હોસ્ટેલની વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

કે.ડી.ઓ. જ્ઞાતિની મુંબઈ આવીને કામ કરતી મહિલાને આ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટે શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ-ઘાટકોપરના હિતેષભાઈ ભટ્ટનો ફોન નં. **022-25133174** ઉપર સંપર્ક સાધવો.

**- C.A. Hirachand Damji Dand**
Manjal Reladiya
hirachanddand@gmail.com

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,